# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-02-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## BIMSTEC-યુવા સમિટ:

ગાંધીનગરમાં ગઇકાલથી BIMSTEC યુવા સમિટનો પ્રારંભ થયો છે. આ સમિટમાં સાત દેશોના 70 પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે. સમિટનાં ભાગરૂપે આજે સવારે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આવેલ દાંડીકુટીર પાસેથી ‘નો ડ્રગ્સ’ના સંદેશ સાથે સાયક્લોથોનનુ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં BIMSTECના તમામ પ્રતિનિધિઓ જોડાયા હતા.

--------------------------------------------------------------------------------

## લોક અદાલત:

જિલ્લાની તમામ અદાલતોમાં ખાસ લોકઅદાલત યોજવામાં આવી હતી, જેમાં મુકાયેલા 353 કેસો પૈકી 163 કેસોનો નિકાલ કરાયો હતો અને કુલ 16 કરોડની રકમની વસૂલાત કરવામાં આવી હતી.

મુખ્ય જિલ્લા ન્યાયાધીશ એ. એલ. વ્યાસના માર્ગદર્શન હેઠળ કચ્છના તમામ તાલુકાઓમાં તથા ફેમિલી કોર્ટમાં ખાસ લોકઅદાલત યોજવામાં આવી હતી. આ લોકઅદાલતને સફળ બનાવવા જિલ્લાના ન્યાયાધીશો દ્વારા લગ્ન વિષયક, ચેક બાઉન્સ કેસો, સિવિલ દાવાઓ, વાહન અકસ્માત વળતરના કેસો અને જમીન સંપાદનના કેસોમાં અગાઉથી જ સમાધાનની પ્રક્રિયા હાથ ધરી કેસોના નિકાલની કાર્યવાહી કરવામાં આવી હતી.

--------------------------------------------------------------------------------

## મસ્કત ગુજરાતી સમાજ ઉજવણી:

મસ્કત ગુજરાતી સમાજ, ધ ગુજરાતી વિંગ ઓફ ઈન્ડીયન સોશિયલ કલ્બ ઓફ ઓમાનની સ્થાપનાને 50 વર્ષની ઉજવણી પ્રસંગે વિવિધ કાર્યક્રમો આગામી 13 અને 14 ફેબ્રુઆરીએ મસ્કત ખાતે યોજાશે. અત્રે ઉલ્લેખનીય છે કે ઓમાનમાં કચ્છીઓ સહીત મોટી સંખ્યામાં ગુજરાતીઓ વસે છે. અને પોતાના વતન પ્રત્યે પુરી લાગણી થી જોડાયેલા રહ્યા છે.

---

## ગાંધીધામ-ચેમ્બર્સ ઓફ કોમર્સ દ્વારા રજુઆત:

ગાંધીધામ શહેરને મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ તેના સર્વાંગી વિકાસ માટે પ્રવાસન ક્ષેત્રનો વિકાસ કરવા ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રાજ્યના પ્રવાસનમંત્રી સમક્ષ રજૂઆત કરાઇ છે. રાજ્યના પ્રવાસનમંત્રી મૂળુભાઇ બેરાને ચેમ્બર પ્રમુખ મહેશ પૂજ અને મંત્રી મહેશ તીર્થાણીએ પાઠવેલા પત્રમાં નજીકના શિણાય જળાશય વિસ્તારનો વિવિધ સ્તરીય વિકાસ કરી શકાય તેમ હોવાનું જણાવ્યું છે. આ વિસ્તારને આંતરરાષ્ટ્રીય કક્ષાના કેન્દ્ર સાથે મ્યુઝિકલ ફાઉન્ટેન શો, સાઇકલિંગ ટ્રેક, કચ્છી વ્યંજનોવાળું વિશેષ ફૂડકોર્ટ, લેન્ડસ્કેપ ઉદ્યાન, ઓપનએર થિયેટર, કચ્છની સંસ્કૃતિને ઉજાગર કરતું પ્રદર્શન કેન્દ્ર ઊભું કરવાની રજુઆત કરાઈ છે.

જો ગાંધીધામનો વિકાસ થશે તો રોકાણકારો વિવિધ સ્તરીય રોકાણ માટે પ્રેરિત થશે, જેના કારણે રોજગારીની તકો પણ વધશે એવું પત્રમાં જણાવાયું છે.

---

## કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્ર:

દીન દયાળ પોર્ટ ઓથોરીટી દ્વારા સામાજીક જવાબદારી અંર્તગત કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્ર ખાતે 52 લાખના ખર્ચે નવનિર્મિત ભોજનાલય અને કોઠાર રૂમ લોકાર્પિત કરાયા હતા. આ નિમિતે ઉપસ્થિત રહેલા ભુજના ધારા સભ્ય કેશુભાઈ પટેલે સંસ્થાના મહિલા ઉત્થાનના કાર્યોને બિરદાવ્યા હતા.

-----------------------------------------------------------------------------------------------

## લોહાણા  બોર્ડિંગ-શત્તાબ્દી મહોત્સ :

1923 થી કાર્યરત લોહાણા  બોર્ડિંગ ટ્રસ્ટનો શતાબ્દી મહોત્સવ આગામી તારીખ 15 ફેબ્રુઆરીના સાંજે 5-30 વાગ્યે  ભુજ ખાતે યોજાશે. આ પ્રસંગે  મુખ્ય અતિથિ તરીકે મુળ માંડવીના અને હાલમાં  કર્ણાટક હાઈકોર્ટના મુખ્ય ન્યાયધીશ તરીકે સેવારત નિલય અંજારીયા ઉપસ્થિત રહેશે.

-----------------------------------------------------------------------------------------------

## આરોગ્ય શિબિરનું આયોજન-:

ભોજાય સર્વોદય ટ્રસ્ટ દ્વારા મોતિયામુકત કચ્છ અભિયાન અંતર્ગત આંખોની તપાસણી અને સારવારનો નિ:શુલ્ક આરોગ્ય શિબિર માંડવીના સેવા મંડળ ખાતે યોજાઈ હતી. આ કેમ્પનો વિવિધ ગામોના કુલ 80 લોકોએ લાભ લીધો હતો. જેમાંથી શસ્ત્રક્રિયા લાયક 11 દર્દીઓનાં આંખનાં ઓપરેશન ભોજાય સર્વોદય ટ્રસ્ટની હોસ્પિટલમાં નિ:શુલ્ક કરી આપવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભોજાય સર્વોદય ટ્રસ્ટ અને સેવા મંડળના સંયુકત ઉપક્રમે દર મહિનાના પહેલા રવિવારે માંડવીમાં સેવામંડળ ભીડ બજાર ખાતે આંખોની તપાસણી અને સારવારનો આ નિ:શુલ્ક કેમ્પ રાખવામાં આવે છે.

મુંદરાની કારવા-એ-મુસ્તફા હોસ્પિટલ ખાતે અમેરિકાના સેન્ટ લ્યુકેશ યુનિવર્સિટીના ડોક્ટરો દ્વારા આરોગ્ય નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ  કેમ્પમાં 45 દર્દીઓએ લાભ લીધો હતો.

-----------------------------------------------------------------------------------------------

## હવામાન:

કચ્છમાં શિયાળાની વિધિવત વિદાયની શરૂઆત થઈ હોય તેમ વાતાવરણમાં સતત વિષમતા વધી રહી છે. મોડી રાત્રિથી વહેલી સવાર સુધી ઠંડકનો અનુભવ થયા બાદ બપોરના

સમયે થોડી ગરમીના અનુભવ સાથે મિશ્ર હવામાન અનુભવાઈ રહ્યુ છે. હવામાન વિભાગે સપ્તાહ દરમ્યાન વાતાવરણમાં મોટા ફેરફારની શકયતાને નકારી છે. નલિયામાં લઘુતમ તાપમાનનો પારો ૧૦.૪ ડિગ્રીએ પહોંચ્યો હતો. તો મહત્તમ તાપમાન ૩૩.૫ ડિગ્રી નોંધાયું હતું. જિલ્લા મથક ભુજમાં ૧૪.૯ ડિગ્રી લઘુતમ સામે ૩૩.૭ ડિગ્રી મહત્તમ તાપમન નોંધાયું, તો કંડલા એરપોર્ટમાં 31.૫ ડિગ્રી મહત્તમ સામે ૧૬ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. દિવસ-રાત્રિનાં તાપમાનમાં 16થી 22 ડિગ્રીના મોટા તફાવતના લીધે વાતાવરણમાં વ્યાપક પ્રમાણમાં વિષમતા જોવા મળી રહી છે. ઠંડી અને ગરમી વાળાં આ બેવડાં વાતાવરણના લીધે તાવ, શરદી સહિતના ઋતુજન્ય રોગોએ માથું ઊંચક્યું છે, તો માખી, મચ્છર સહિતનો ઉપદ્રવ ધીમે-ધીમે વધી રહ્યો છે.

-----------------------------------------------------------------------------------------------